# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૧(A)તા.૨૫-૯ -૧૭

(માન્ય શાળા પરિપત્ર નં.૪)

તમામ શાળાઓ માટે :-

**વિષય :- પ્રથમ સત્રાંત પરીક્ષા (લેખિત)૨૦૧૭ માટે ધો.૩ થી ૮નાં પ્રશ્નપત્રો મેળવી લેવા બાબત.**

આથી તમામ શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે પરિપત્ર નં.૭૪(A)તા.૧૪-૯-૧૭ના અનુસંધાને પ્રથમ સત્રાંત પરીક્ષાનાં પ્રશ્નપત્રો તા.૩-૧૦-૧૭ના રોજ નીચે જણાવેલ સ્થળ અને સમયે મુખ્ય શિક્ષકશ્રીએ રૂબરૂ મેળવી લેવાં.

| ઝોન | પ્રશ્નપત્ર મેળવવાનું સ્થળ | સમય | કોની પાસેથી મેળવવા ? |
|---|---|---|---|
| પૂર્વ | પૂર્વ ઝોનની ઓફિસ,<br>ખોખરા શા.નં.૧/૨, રોહિત મિલ પાસે, ખોખરા સર્કલ, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| પશ્ચિમ | પશ્ચિમ ઝોનની ઓફિસ,<br>ઉસ્માનપુરા શા.નં.૨, ઉસ્માનપુરા ચાર રસ્તા,આશ્રમ રોડ, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| ઉત્તર | ઉત્તર ઝોનની ઓફિસ,<br>સૈજપુર શા.નં.૬, ટોરેન્ટ પાવરની પાછળ, મેમ્કો ચાર રસ્તા. નરોડા રોડ, અમદાવાદ. | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| દક્ષિણ | દક્ષિણ ઝોનની ઓફિસ,<br>કાંકરિયા શા.નં.૬, જુના ઢોરબજાર,કાંકરિયા રોડ, અમદાવાદ. | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| મધ્ય | પ્રિતમપુરા શા.નં.૧<br>ગીરધરનગર પોસ્ટ ઓફિસની પાસે, ગીરધરનગર | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| ઉર્દૂ | ઉર્દૂ ઝોનની ઓફિસ,<br>ખાડિયા શા.નં.૨, પાંચ કૂવા દરવાજા પાસે, અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| હિન્દી | હિન્દી ઝોનની ઓફિસ,<br>ખાડિયા શા.નં.૨, પાંચ કૂવા દરવાજા પાસે,અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | સુપરવાઈઝર્સ |
| માન્ય<br>શાળાઓ | એલિસબ્રીજ શા.નં.૧૦,<br>નવરંગપુરા બસ સ્ટેન્ડ પાસે, નવરંગપુરા,અમદાવાદ | ૧૧-૦૦<br>થી ૨-૦૦ | આંકડા કલાર્ક<br>(પરીક્ષાની કામગીરી) |

**પરીક્ષા દરમ્યાન ખૂટતાં પ્રશ્નપત્રો મેળવવાનાં કેન્દ્રો :-**

| ક્રમ | પ્રશ્નપત્ર મેળવવાનું સ્થળ | પ્રશ્નપત્રોનું માધ્યમ |
|---|---|---|
| ૧ | ખોખરા શા.નં.૧/૨ | ગુજરાતી, હિન્દી, મરાઠી, ધો.૩ થી ૮ પ્રા.ભાષા |
| ૨ | ઉસ્માનપુરા શા.નં.૨ | ગુજરાતી, હિન્દી |
| ૩ | સૈજપુર શા.નં.૬ | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, ધો.૩ થી ૮ પ્રા.ભાષા |
| ૪ | કાંકરિયા શા.નં.૬ | ગુજરાતી, હિન્દી |
| ૫ | પ્રિતમપુરા શા.નં.૧ | ગુજરાતી, હિન્દી |
| ૬ | જમાલપુર ઉ.શા.નં.૮ | ફકત ઉર્દૂ માધ્યમ |
| ૭ | રાજપુર ઉ.શા.નં.૧ | ફકત ઉર્દૂ માધ્યમ |
| ૮ | જમાલપુર શા.નં.૪ (સ્ટોર વિભાગ) | પ્રાદેશિક ભાષા, સહિત તમામ માધ્યમના પ્રશ્નપત્રો |

ઉપર દર્શાવ્યા મુજબ પરીક્ષાનાં પ્રશ્નપત્રો સમયસર મેળવી મુખ્યશિક્ષકશ્રીએ તમામ ધોરણ અને વિષયની સીલબંધ કોથળીઓ જે તે કેન્દ્ર પર જ એ રીતે ચેક કરી લેવી કે જેથી તમારી શાળાના ધોરણવાર અને વિષયવાર જરૂરી સંખ્યામાં પ્રશ્નપત્રો હોવાની ખરાઈ થાય. સલામતી અને ગોપનીયતા જળવાય તેની પૂરેપૂરી કાળજી સાથે પ્રશ્નપત્રો શાળામાં મૂકી દેવા.

તા. ૨૫-૯-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૧ (B) તા.૨૫-૯ -૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય :- શાળા સ્વચ્છતા એવોર્ડના આયોજન બાબત.

સંદર્ભ :- ક્રમાંક / ડાયટ / શાળા સ્વચ્છતા એવોર્ડ / ૨૦૧૭ / ૨૬૪૮ તા.૨૨-૯-૧૭

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શાળા સ્વચ્છતા એવોર્ડ (વર્ષ-૨૦૧૭) આપવાની યોજના મંજૂર થયેલ છે. તો આ સાથે સામેલ સંદર્ભિત પત્રના માર્ગદર્શન સૂચનો અમલ કરવા જણાવવામાં આવે છે. તમામ શાળાઓ આ સ્વચ્છ વિદ્યાલય પુરસ્કારમાં ભાગ લે તે જરૂરી છે.

તા. ૨૫-૯-૧૭

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક/ડાયેટ/સ્વચ્છતા એવોર્ડ/૨૦૧૭/૨૬૪૮
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ શહેર.
તા.૨૨ /૯/૨૦૧૭

**પ્રતિશ્રી,**

આચાર્ય તમામ

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ..

**વિષય**:-શાળા સ્વચ્છતા એવોર્ડ ( વર્ષ-૨૦૧૭) ના આયોજન બાબત.

સંદર્ભ:- 1- જીસીઇઆરટી , તા. 16/09/17 અને તા. 18/09/17ના Email

2- ક્રમાંક: જીસીઇઆરટી/તાલીમ/શાળા સ્વચ્છતા/ તા-૧૩/૯/૧૭ નો પત્ર

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શાળા સ્વચ્છતા એવોર્ડ ( વર્ષ- ૨૦૧૭) આપવાની યોજના મંજૂર થયેલ છે.આ માટે નીચે જણાવેલ માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

૧- દરેક શાળાએ નોમીનેશન ફોર્મ અચૂક ભરવાનું રહેશે. આ ફોર્મ ડાયેટના બ્લોગ dietahmedabacity.blogspot.in ઉપર ઉપલબ્ધ છે.

૨- એક શાળા દીઠ એક જ ( પ્રથમ ભરેલ ) ફોર્મ માન્ય કરવામાં આવશે. જેથી તમામ વિગતો ધ્યાન પૂર્વક ભરવાની રહેશે. 3-તા. 15/10/2017 સુધીમાં નોમીનેશન ફોર્મ ઓનલાઇન ભરવાનું રહેશે . ઉપરાંત ભરેલ ફોર્મની હાર્ડકોપીની ફાઇલ જરૂરી આધારો સાથે ડાયટમાં જમા કરાવવાની રહેશે

૪- જે લોકો ઓનલાઇન ફોર્મ ન ભરી શકે તેઓએ પણ ઓફ લાઇન ફોર્મ ભરી ડાયટમાં તા. 15/10/2017 સુધીમાં જરૂરી આધારો સાથે જમા કરાવવાનું રહેશે.

૫- નોમીનેશન ફોર્મ સાથેના જરૂરી આધારો તા. 15/11/2017 સુધીમાં જમા કરાવવાની છુટ રહેશે. પરંતુ નોમીનેશન ફોર્મ તા. 15/10/2017 સુધીમાં જમા કરાવવું ફરજીયાત છે.

૬- જે શાળાએ નોમીનેશન ફોર્મ તા. 15/10/2017 સુધીમાં જમા કરાવેલ હોય તેના જ આધારો તા. 15/11/2017 સુધીમાં સ્વીકારવામાં આવશે.

૭- અન્ય શાળાને પ્રેરણા આપવા માટે જે શાળાને વર્ષ 2016 માં શાળા સ્વચ્છતા એવોર્ડ મળેલ હોય તે શાળાઓ આગામી ત્રણ વર્ષ સુધી સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહીં.

૮-શાળાએ નોમીનેશન ભર્યા બાદ ૭૦% મેળવેલ હોય તે શાળાની આકસ્મિક મુલાકાત ચકાસણી એવોર્ડ પસંદગી સમિતિ કરશે.

૯- શાળાના સ્વમૂલ્યાંકન પત્રકમાં મૂકવામાં આવેલ વિકલ્પમાં પ્રથમ વિકલ્પ (a) માટે o (b) માટે ૧ (c) માટે ૨ (d) માટે 3 eમાટે 4 ગુણ નકકી કરવામાં આવેલ છે.

૧૦- ઝોન /તાલુકા દીઠ બે શાળાઓને શાળાદીઠ રૂ.૧૦,૦૦૦/-ની રકમ એવોર્ડ તરીકે આપવામાં આવશે.

૧૧- સામેલ નોમીનેશન ફોર્મમાં સ્વચ્છતા સંબંધી વિવિધ પાસાના કુલ-૧૦૦ ગુણ રાખવામાં આવેલ છે. નોમીનેશન ફોર્મમાં a થી e સુધીના વિકલ્પ આપવામાં આવેલ છે. તેનું મૂલ્યાંકન ગુણાંકન 0 થી ૫ ચડતા ક્રમમાં કરવાનું રહેશે.

૧૨- ઉપરોક્ત સૂચનાઓનો અમલ કરવો તથા નોમીનેશન ફોર્મ મુજબ શાળાએ અહેવાલ તૈયાર કરવાનો રહેશે જેથી પસંદગી સમિતિને આધારે ચકાસણી કરી મૂલ્યાંકન કરશે

૧૩- સમય મર્યાદા પછી કોઇ જ બાબત ધ્યાનમાં લેવાશે નહી એની નોંધ લેશો..

૧૪- ઉપરોક્ત એવોર્ડ માટે નગર પાથમિક .શિક્ષણ સમિતિ અમદાવાદ સંચાલિત પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવાનો રહેશે.

નોધ- શાળા સ્વચ્છતા એવોર્ડ ( વર્ષ-૨૦૧૭) નુ જીસીઇઆરટી દ્વારા ડાયટનુ આયોજન છે, તે ઉપરાંત અલગથી સ્વચ્છ વિધાલય પુરસ્કાર એસ.એસ.એ દ્વારા પણ આયોજીત છે.જે અલગ અલગ કામગીરી દયાને લઇ શાળા સ્વચ્છતા એવોર્ડ ( વર્ષ-૨૦૧૭) નુ આયોજન દરેક શાળાએ અચુક કરવા નુ રહેશે

પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
અમદાવાદ-શહેર

**નકલ રવાના જાણ અમલ સારું.**

- યુ.આરસી/કો.ઓ તથા સીઆરસી/કો.ઓ શ્રી, ન.પ્રા.શિ.અમદાવાદ

નોધ- તમામ આચાર્યને મીટીંગ કરી સમજ આપવી